ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૯/૨૨–૨૩/ 772 તારીખ : 19 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ધીરૂભાઈ માધુભાઈ ઘોડાદરા,**
**બોરતળાવ રોડ, શિવનગર,**
**કાછીયાની વાડી, પ્લોટ નં–૧૧,**
**લાલજીભાઈ ઓધાભાઈનું મકાન,**
**ભાવનગર.**

કેસ નં.૯૯/૨૨–૨૩

**મો.નં–૯૩૨૭૦ ૧૭૮૨૯**

**વિષય : જંપ મારેલ મીટરના રીડીંગ નું બિલ મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૩/૦૨/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૧/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૯/૨૨–૨૩/e-૭૯૨૩૬ તા.૧૪/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૯/૨૨–૨૩/e-૧૧૩૩૯૩ તા.૧૭/૦૩/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૯૯/૨૨–૨૩</u>** ☜

વાદી :– **શ્રી ઘોડાદરા ધીરૂભાઈ માધુભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૩/૦૪/૨૦૨૩</u>** ◈

હાજર રહયા :– **શ્રી ઘોડાદરા ધીરૂભાઈ માધુભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **ગેરહાજર.**

શ્રી ઘોડાદરા ધીરૂભાઈ માધુભાઈ, મું.ભાવનગર, જી. ભાવનગરની જંપ મારેલ મીટરના રીડીંગનું બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૯/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૯/૨૨–૨૩/e-૭૯૨૩૬ તા.૧૪/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૩/૦૪/૨૦૨૩</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ઘોડાદરા ધીરૂભાઈ માધુભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી ગેરહાજર, રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧** સવિનય લખવાનું કે, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાનું ગામ લોયંગામાં નવી નિશાળ પાસે પ્લોટ વિસ્તારમાં ઘરવપરાશનું વિજ કનેકશન ચાલુ હતું. ભોળાભાઈ ભીખાભાઈ ના નામનું એપ્રિલ–મે–૨૦૨૦ તા.૦૨/૦૬/૨૦૨૦ નું વિજ બિલ આવેલ તે મીટર રીડીંગ જમ્પ મારેલનું રૂ.૩૩,૭૯૫/૪૦ પૈસાનું બિલ આપેલ. ૫૦૪૦ રીડીંગનું તેથી અમે અમારી વિજ કચેરી મહુવા રૂરલ–૨ માં મીટર બદલવા તા.૦૫/૦૬/૨૦૨૦ ના રૂ.૧૫૦/– જીએસટી ના રૂ.૧૩/૫૦ + રૂ.૧૩/૫૦ ટોટલ રૂ.૧૭૭/– ચાર્જ ભરેલ પહોંચ નં–૫૦૫૪૯૪ –૯૫–૯૬ થી ભરેલ. ત્યારબાદ, તા.૦૨/૦૭/૨૦૨૦ ના રોજ મીટર બદલાવેલ

**૧.૨** તા.૦૮/૦૭/૨૦૨૦ ના રોજ લેબમાં મીટર ટેસ્ટ કરતા મીટર ફોલ્ટી જણાવેલ. સાથે આધાર પુરાવા જોડેલ છે. કચેરીમાં સાહેબને વિનંતી કરેલ કે, મીટર ફોલ્ટી છે રીડીંગ જમ્પ મારેલ છે. ખામીવાળું છે લેબના રીપોર્ટ મુજબ આગળ પાછળના રીડીંગ મુજબ બિલ સુધારીને આપો છતાં માનેલ નહી. જે બિલ આપેલ છે તે ભરી આપો નહીતર વિજ કનેકશન કપાઈ જશે. આવી દાદાગીરી કરીને વિજ કનેકશન ઉતારી લીધેલ. કંપનીના કાયદા જાણતા નથી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩૪૫ નંબરની નોટીસ આપેલ નથી. સીધી વકીલની નોટીસ આપેલ છે. તો આવા બેદરકાર ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લઈ મારૂ વિજ કનેકશન નું બિલ સુધારી નવું બિલ આપી નાણાં સ્વીકારી વિજ કનેકશન લગાડવા બેદરકાર ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા હુકમ કરવા વિનંતી છે. કોના હુકમથી વિજ કનેકશન ઉતારેલ છે આવી દાદાગીરી કંપનીના કામમાં ચાલે નહી. આવા બેદરકારને ડીસમીસ કરવા જોઈએ. બપોર પછી ૪–૩૦ પછી નવા વિજ કનેકશનના એ–વન ફોર્મ ના નો–ડયુ કાઢવામાં આવતા નથી.

☞ <u>**ફોરમનું તારણ**</u> **:– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી ઘોડાદરા ધીરૂભાઈ માધુભાઈ, ભાવનગર દ્વારા મહુવા તાલુકાના લોયંગા ગામના ઘર વપરાશના વિજ કનેકશન કે જે ભોળાભાઈ ભીખાભાઈ ના નામનું છે તેમાં પ્રતિવાદીની કચેરી દ્વારા એપ્રિલ–મે–૨૦૨૦ ના તા.૦૨/૦૬/૨૦૨૦ ના વિજ બિલ રૂા.૩૩,૭૯૫/૪૦ સામે તકરાર હોઈ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૦૩/૦૪/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં વાદીએ હાજર રહી પોતાની રજૂઆત કરી દસ્તાવેજ રજૂ કરેલ છે. જયારે પ્રતિવાદી હાજર રહેલ નથી.

૩.૩ રૂબરૂ સુનાવણી દરમ્યાન ફોરમ દ્વારા વાદી પાસે મૂળ ગ્રાહક શ્રી ભોળાભાઈ ભીખાભાઈ નું સંમતિપત્ર રજૂ કરવા જણાવવામાં આવતા તે રજૂ કરી શકેલ નહી. સવિશેષ વાદી છેલ્લા ૧૫ વર્ષ થી આ કનેકશન વાપરતા હોવા છતાં સદર કનેકશન પોતાના નામે હોવાનો કોઈ આધાર પુરાવો ફોરમ ને રજૂ કરી શકેલ નહી.

૩.૪ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ના નોટીફીકેશન નં–૨/૨૦૧૯ ના કલોઝ નં–૧.૫ ના (ગ) મુજબ, “ફરીયાદી એટલે (ક) તેના કાયદેસરના વારસો કે ઉતરાધીકારીઓ સહિત કોઈપણ ગ્રાહક કે ગ્રાહકો જેને પરવાનેદાર સામે ફરીયાદ હોય અને તે તેણે સીધે સીધી અથવા તેમના પ્રતિનિધિ મારફત ફરીયાદ દાખલ કરી હોય, (ખ) તત્સમયે અમલમાં હોય તે કાયદા અન્વયે નોંધણી કરાયેલ કોઈપણ સ્વૈચ્છિક ગ્રાહક એસોસીએશન કે એસોસીયેશનના જેઓ ગ્રાહકના વિશાળ હિતમાં ફરીયાદ કરે, (ગ) કોઈપણ ગ્રાહક(કો)/સ્વૈચિછક ગ્રાહક એસોસીએશન(નો) જયાં પરવાનેદાર આવા ગ્રાહક(કો)/સ્વૈચ્છિક ગ્રાહક એસોસીએશન(નો) ની ફરીયાદ નોંધે નહી અથવા નોંધવામાં નિષ્ફળ રહયા હોય,(ઘ) જેનું વિજળી જોડાણ કાપી નાંખવામાં આવ્યું હોય તેવી કોઈપણ વ્યકિત અથવા (મ) વિજળી પુરવઠા માટે નવા જોડાણ માટેનો અરજદાર હોય.”

આમ, ઉપરોકત વિષયવાળા કેસમાં વાદીશ્રી ઘોડાદરા ધીરૂભાઈ માધુભાઈ ગ્રાહકની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા ન હોઈ, તેમની અરજી દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૦૩/૦૪/૨૦૨૩.